# ડીસીએમ શ્રીરામ લિમિટેડ દ્વારા રાષ્ટ્રીય ફાયર સેફ્ટી વીકની ઉજવણી

■ બ્યુરો દ્વારા
■ અમદાવાદ, તા. ૨૩

તા. ૧૪-૪-૨૦૧૯થી ૨૦-૪-૨૦૧૯ દરમિયાન શ્રીરામ અલ્કલી એન્ડ કેમિકલ્સ, ઝઘડીયા દ્વારા રાષ્ટ્રીય ફાયર સેફ્ટી વીકની ઉજવણીના ભાગરૂપે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કંપનીના કાર્યકરો તથા કોન્ટ્રાક્ટર્સને સાથે રાખી વિવિધ કાર્યક્રમો જેવાકે તાલીમ, વાસ્તવિક અભ્યાસ પ્રદર્શની, નિદર્શન વિગેરેનું આયોજન કરવામાં આવેલ હતું.

રાષ્ટ્રીય સુરક્ષા આયોગ દ્વારા આ વર્ષે 'ફાયર ફાઈ ટિંગ કરતા ફાયર સુરક્ષા વધુ સારી' એ થીમ રાખવામાં આવી હતી.

શ્રીરામ અલ્કલી એન્ડ કેમિકલ્સ, ઝઘડીયા દ્વારા ફાયર સેફટી વિકની ઉજવણીની શરૂઆત પ્લાન્ટ ખાતે વિવિધ સ્થળોએ પોસ્ટર્સ લગાવી કરવામાં આવી હતી.

ફાયર સેફટી વિકની ઉજવણીના ભાગરૂપે ફાયર અને સિક્યુરિટી તેમજ કોન્ટ્રાકટ ટીમના લગભગ ૯૦ જેટલા સભ્યોને તાલીમ આપવામાં આવી ઉપરાંત, પ્રદર્શની તથા નિદર્શનીનું આયોજન કરવામાં આવ્યું હતું.

ટીમના સભ્યો દ્વારા પારસ્પરિક મદદના ભાગરૂપે ઝઘડિયા સ્થિત યુપીએલની મુલાકાત લઈ ફાયર ફાઈટિંગની સર્વોત્તમ પ્રણાલીઓ અને સંશોધનોનો અભ્યાસ કર્યો હતો.

નેશનલ સેફટી કાઉન્સિલ દ્વારા કર્મચારીઓ તેમજ જાહેર જનતામાં ફાયર સેફટી અંગે જાગૃતિ વધારવાના હેતુથી તેમજ મુંબઈ ખાતે ૧૪ એપ્રિલ, ૧૯૪૪ના રોજ લાગેલી આગમાં બચાવ કામગીરી દરમિયાન પોતાના પ્રાણની આહુતિ આપનાર બહાદુર ફાયર ફાઈટર્સને શ્રદ્ધાંજલિ રૂપે વર્ષ ૧૯૯૯થી ફાયર સેફટી કેમ્પેઈનનું આયોજન કરાય છે.